# UCCC&SPBCBA&SDHGCBCA&IT,

# UDHNA

## First Year B.Com. Sem.-I

## નાણાકીય હિસાબી પદ્ધતિ-1

### <u>CH-2 ભાગીદારી પેઢી નું કંપનીમાં રૂપાંતર કે વેચાણ(30%)</u>

**વ્યાખ્યા :**

ભાગીદારી પેઢી પોતાનો ધંધો ચાલુ લિમિટેડ કંપની ને વેચી દે અથવા પોતે જ એક નવી કંપની સ્થાપે છે ત્યારે તેને ભાગીદારી પેઢી નું કંપનીમાં રૂપાંતર કે વેચાણ કહેવાય.

**ખરીદ કિંમત નો અર્થ**

જયારે ભાગીદારી પેઢીનું કંપનીને વેચાણ કરવામાં આવે ત્યારે લીધેલ મિલકતો તેમજ દેવાના બદલામાં કંપની જે રકમ ચૂકવવાનું કબૂલે તેને ખરીદકિંમત કહેવામાં આવે છે.

**ખરીદકિંમત ગણવાની પદ્ધતિ :**

1. **ચોખ્ખી મિલકત પદ્ધતિ**

   ચોખ્ખી મિલકત = કુલ મિલકત- કુલ દેવા

2. **અવેજ પદ્ધતિ**

ખરીદીકીમત = શેરની કિંમત+ ડિબેન્ચર ની કિંમત+□□□□

UDHNA COLLEGE

**ધંધો વેચનાર ભાગીદારી પેઢી ના ચોપડામાં આમનોંધ:**

1.પેઢીની તમામ મિલ્કતો ચોપડે દર્શાવેલ કિંમતે માલમિલકત નિકાલ ખાતે લઇ જવી મિલકતોના ખાતે બંધ કરવા માટે:

માલમિલકત નિકાલ ખાતે ઉ.

તે પરચુરણ મિલકતો ખાતે

2. પેઢી ના દેવા ચોપડે દર્શાવેલ કિંમતે માલમિલકત નિકાલ ખાતે લઇ જવા માટે :

પરચુરણ દેવા ખાતે ઉ.

તે માલમિલ્કત નિકાલ ખાતે

3. અનામત ભંડોળ, નફા નુકશાન ની જમા બાકી વગેરે મૂડી ખાતે લઇ જવા માટે :

અનામત ભંડોળ ઉ

નફા નુકશાન ખાતે ઉ.

તે ભાગીદારો ના મૂડી ખાતે

4. કંપની એ ચુકવવાની રકમ ( ખરીદકિંમત) માટે:

ખરીદનાર કંપની ખાતે ઉ.

તે માલમિલકત નિકાલ ખાતે

UDHNA COLLEGE

5. ખરીદનાર કંપની તરફથી ખરીદકિંમત પેટે મળેલ અવેજ ની નોંધ

ખરીદનાર કંપની ના ઈ. શેરમૂડી ખાતે ઉ.

ખરીદનાર કંપની ના ડિબેન્ચર ખાતે ઉ.

રોકડ ખાતે ઉ.

તે ખરીદનાર કંપની ખાતે

6. ખરીદનાર કંપની વેચનાર પેઢીની અમુલ મિલકતો ન લે તો -

a . જો મિલકતો રોકડેથી વેચવામાં આવે તો ઉપજેલ રકમ ની નોંધ

રોકડ / બેન્ક ખાતે ઉ

તે માલ મિલકત નિકાલ ખાતે

b . જો કોઈ ભાગીદાર નક્કી કરેલ કિંમતે મિલકત લઇ લે.

ભાગીદાર ના મૂડી ખાતે ઉ.

તે માલ મિલકત નિકાલ ખાતે

7.જો ખરીદનાર કંપની વેચનાર પેઢીના અમુક દેવા ન લે તો તે દેવા પેઢીએ ચૂકવવા પડે તેની નોંધ :

માલ મિલકત નિકાલ ખાતે ઉ.

તે રોકડ / બેન્ક ખાતે

8.વિસર્જન ખર્ચ ની નોંધ

a વિસર્જન ખર્ચ પેઢી ભોગવે અને પેઢી ચૂકવે

માલ મિલકત નિકાલ ખાતે ઉ

તે રોકડ / બેન્ક ખાતે

UDHNA COLLEGE

b . વિસર્જન ખર્ચ કંપની ભોગવે અને પેઢી ચૂકવે

ખરીદનાર કંપની ખાતે ઉ

તે રોકડ/ બૅન્ક ખાતે

c . વિસર્જન ખર્ચ કંપની ભોગવે અને કંપની ચૂકવે

નોંધ થશે નહિ

d. વિસર્જન ખર્ચ પેઢી ભોગવે અને કંપની ચૂકવે

માલમિલ્કત નિકાલ ખાતે ઉ.

તે ખરીદનાર કંપની ખાતે

8. માલ મિલકત ખાતા ની બાકી વહેંચવા ની નોંધ

a જો નફો હોય તો :

માલ મિલકત નિકાલ ખાતે ઉ.

તે ભાગીદારોના મૂડી ખાતે

b . જો ખોટ હોય તો

ભાગીદારો ના મૂડી ખાતે ઉ

તે માલ મિલકત નિકાલ ખાતે

9. મૂડી ખાતા જરૂરી રોકડ લાવીને કે લઇ જઈ ને (ઉપાડીને) બંધ કરવાની નોંધ :

a ભાગીદાર રોકડ લાવે ત્યારે :

રોકડ ખાતે ઉ.

તે ભાગીદારના મૂડી ખાતે

UDHNA COLLEGE

b ભાગીદારને રોકડ ચૂકવાય ત્યારે

ભાગીદારના મૂડી ખાતે ઉ.

તે રોકડ ખાતે

Que.1 પેઢીના ચોપડે મિલકતો અને જવાબદારીઓ નીચે મુજબ છે:

| વિગતો | રકમ | વિગતો | રકમ |
| --- | --- | --- | --- |
| મશીનરી | 35,000 | દેવાદારો | 12,000 |
| રોકડ | 10,000 | લેણદારો | 15,000 |
| સ્ટોક | 10,000 | ફર્નિચર | 30,000 |
| દેવીહૂંડી | 10, 000 | | |

પેઢી પોતાનો ધંધો શ્યામ લિમિટેડને વેચી દે છે, શ્યામ લિમિટેડ ખરીદકીમત પેટે રૂ.10નો એક એવા 4,000 ઈક.શેર અને રૂ.100નો એક એવા 8%ના 300 ડિબેન્ચર અને રૂ.5000 રોકડા ચૂકવે છે.

Que.2 એક ભાગીદારી પેઢીને કંપની પાસેથી ૨૫,૦૦૦ ઇ.શેર , શેરદીઠ રૂ . ૧૦ નો એક એવા ખરીદ કિંમત પેટે મળ્યા છે . પેઢી આ શૅર પૈકી ૧/૫ ભાગના શેર ૧૦ ટકા વટાવે વેચે છે . પેઢીના ચોપડે શૅર વેચવા અંગે આમનોંધ લખો.

UDHNA

Que.3 એક ભાગીદારી પેઢીને કંપની પાસેથી ખરીદ કિંમત પેટે રૂ.૪,૫૦,૦૦૦ના ઇક્વિટી શૅર દરેક રૂ.૧૦ નો એક એવા મળ્યાં.મળેલ શેર પૈકી ૧/૫ ભાગના શેર ૧૦% પ્રીમિયમે એક ભાગીદારને આપ્યા છે અને ૪૦% શેર ૧૦% વટાવે વેચી દીધા. પેઢીના ચોપડે આમનોંધ લખો.

Que.4 પેઢીનું કંપનીમાં રૂપાંતર ઠરાવવામાં આવ્યું.તેની નીચેની બાકીઓ અને વિગતો પરથી ચોખ્ખી મિલકતોની ગણતરી કરો.

મૂડી અ રૂ.૧૦,૦૦૦ , બ રૂ.૮,૦૦૦ ,અનામત રૂ.૨,૦૦૦ ,દેવાં રૂ.૬,૦૦૦ અને બૅંકઓવરડ્રાફ્ટ રૂ.૧,૦૦૦

પરચુરણ મિલકતો રૂ.૨૦,૦૦૦ ,લેણાં રૂ.૫,૦૦૦ ,બેન્ક રૂ.૨,૦૦૦, કંપની દેવાં અને લેણાં લેતી નથી.પરચુરણ મિલકતો ૧૦% વધુ ગણવામાં આવી.

Que.5 હેમા, રેખા અને જયાની પેઢીનું હરે કંપનીમાં રૂપાતંર કરવાનું નક્કી કર્યું.આ માટે પાઘડી પેટે રૂ .૯૦,૦૦૦ ગણવાના છે . પેઢીની મિલકતો રૂ .૧૧,૬૧,૦૦૦ માં અને દેવાં રૂ .૨,૫૧,૦૦૧ માં લઈ લેવાનાં છે.ખરીદ કિંમત પેટે કંપની રૂ .૧૦ નો એક એવા ૭૨,૦૦૦ ઇક્વિટી શૅર ૨૬% પ્રીમિયમથી અને બાકીની રોકડ ચૂકવશે . ખરીદ કિંમત અંગે ભાગીદારોને ઇક્વિટી શૅરની ચુકવણી સહિત પેઢીના ચોપડે આમનોંધ લખો .

Que:6 તેજી અને મંદી ૩ : 2ના પ્રમાણમાં નફો નુકસાન વહેંચી લેતા ભાગીદારો છે . 31-3-2018ના રોજનું તેમની પેઢીનું પાકું સરવૈયું નીચે મુજબ છે :

| મૂડી દેવાં - | રૂ . | મિલકતો | રૂ . |
|---|---|---|---|
| મૂડી : તેજી<br>મંદી | 22500<br>12000 | જમીન મકાન- | 26250 |
| સામાન્ય અનામત | 7500 | યંત્રો | 22500 |
| શ્રીમતી મંદીની લોન | 22500 | ફર્નિચર | 7500 |
| લેણદારો | 41250 | સ્ટોક | 15000 |
| દેવીહૂંડીઓ | 12750 | દેવાદારો | 37500 |
| | | લેણીહૂંડી | 7500 |
| | | રોકડ | 2250 |
| | **118500** | | **118500** |

ઉપરાક્ત પઢાનુ તજીમદા લિ.મા રૂપાતર કરવામા આવ્યુ .

( ૧ ) કંપનીએ રોકડ અને સ્ટૉક સિવાયની મિલકતો નીચે દર્શાવેલ કિંમતે લીધી :

| | |
|---|---|
| પાઘડી | 45000 |
| યંત્રો | 15000 |
| દેવાદારો | 33750 |
| જમીન-મકાન | 52500 |
| ફર્નિચર | 2250 |
| લેણીહૂંડી | 6750 |

( ૨ ) કંપનીએ લોન સિવાયની જવાબદારી ચૂકવવાનું કબૂલ્યું.

( 3 ) સ્ટોક 10% ઓછી કિમતે તેજીએ લીધો.

( ૪ ) મંદીએ શ્રીમતી મંદીની લોન ચૂકવવાનું સ્વીકાર્યું.

તેજીમંદી લિમિ.એ ખરીદકીમત પેટે રૂ.10નો એક એવા 8250 ઈક.શેર અને બાકીની રકમ રોકડમાં ચૂકવી.ભાગીદારોએ કંપનીના શેર નફાનુકશાન પ્રમાણમા વહેચી લીધા. પેઢીના ચોપડે તૈયાર કરો:

માલમિલકત નિકાલ ખાતું,રોકડ ખાતું અને ભાગીદારોના મૂડીખાતા.

Que.8 રોનક , મોનક અને સોનક ૨ : ૩ : ૫ ના પ્રમાણમાં નફો - નુકસાન વહેંચતા ભાગીદારો છે. તા . ૩૧-03-૨૦૧૪ના રોજ તેમનું પાકું સરવૈયું નીચે મુજબ છે :

UDHNA

## પાકું સરવૈયું

| જવાબદારીઓ | રૂ . | મિલકત - લેણાં | રૂ . |
|---|---|---|---|
| મૂડી ખાતાં : રોનક ૪,૩૭,૫૦૦ | | પાઘડી | ૧,૮૭,૫૦૦ |
| મોનક ૩,૪૩,૭૫૦ | | મકાનો | ૬,૨૫,૦૦૦ |
| સોનક ૨,૫૦,૦૦૦ | ૧૦,૩૧,૨૫૦ | યંત્રો | ૫,૦૦,૦૦૦ |
| તરલની લોન | ૨,૦૦,૦૦૦ | સ્ટોક | ૪,૧૨,૫૦૦ |
| નફા-નુકસાન ખાતું | ૧,૦૦,૦૦૦ | દેવાદારો | ૨,૮૧,૨૫૦ |
| કારીગર અક.વળતર ફંડ | ૨,૫૦,૦૦૦ | બેન્ક સિલક | ૬૨,૫૦૦ |
| ચૂકવવાના બાકી ખર્ચા | ૧,૩૭,૫૦૦ | | |
| પ્રોવિડન્ટ ફંડ | ૧,૧૨,૫૦૦ | | |
| લેણદારો | ૨,૩૭,૫૦૦ | | |
| | ૨૦,૬૮,૭૫૦ | | ૨૦,૬૮,૭૫૦ |

નીચેની શરતોએ પેઢીનું રોમાન્સ લિ.માં રૂપાંતર કરવામાં આવ્યું.

( ૧ ) કંપની બેન્ક સિલક સિવાયની બધી જ દશ્ય મિલકતો લઈ લે છે .

( ૨ ) તરલની લોન ૧૦ % પ્રીમિયમે તથા લેણદારોને ૮૦ % રકમ ચૂક્તેના હિસાબે પેઢીએ ચૂકવવા .

( ૩ ) રોમાન્સ લિ . ૮૦ % મકાનો ૨૫ % પ્રીમિયમે , જ્યારે બાકીનાં મકાનો ૨૦ % વટાવે , યંત્રો ૨૦ % વધુ કિંમતે , સ્ટૉક રૂ . ૩૭,૫૦૦ થી ઓછી કિંમતે અને દેવાદારો રૂ . ૩૧,૨૫૦ ના વટાવે લઈ લે છે .

( ૪ ) પેઢીનાં બાકીના દેવાં રોમાન્સ લિ . લઈ લે છે . વિસર્જન ખર્ચ રૂ .૨૧,૨૫૦ થયો .

( ૫ ) પેઢીની પાઘડીની કિંમત છેલ્લા ત્રણ વર્ષના સરેરાશ નફાથી બે ગણી આંકવામાં આવી . દર વર્ષે રૂ.૨૦,૦૦૦ સામાન્ય અનામત ખાતે લઈ ગયા પછી છેલ્લા ત્રણ વર્ષનો નફો અનુક્રમે રૂ.૨,૦૫,૦૦૦ , રૂ . ૨,૯૨,૫૦૦ અને રૂ . ૨,૬૭,૫૦૦ હતો .

( ૬ ) ખરીદ કિંમત પેટે કંપની રૂ . ૧૦૦ નો એક એવા ૧૫,૦૦૦ ઇક્વિટી શેરો ૧૦% પ્રીમિયમે , રૂ . ૨,૨૫,૦૦૦ રોકડા અને બાકીની રકમ કંપનીના ડિબેંચર અને પ્રેફરન્સ શેર ૨ : ૧ ના પ્રમાણમાં આપશે .

( ૭ ) કંપની તરફથી મળેલ શૅર પૈકી ૫,૦૦૦ ઇક્વિટી શેરો રૂ . ૧,૦૦,૦૦૦ ના નુકસાનથી વેચી દેવામાં આવ્યા . ભાગીદારોએ શૅર અને ડિબેંચર તેમનાં નફા - નુકસાનના પ્રમાણમાં વહેંચી લીધાં .

પેઢીના ચોપડે તૈયાર કરો:

માલમિલકત નિકાલ ખાતું,રોકડ ખાતું અને ભાગીદારોના મૂડીખાતા.

Que:9 જૈત્ર અને મૈત્ર અનુક્રમે ૩:૨ ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચી લેતા એક પેઢીના ભાગીદારો હતા.તા.૩૧-૩-૨૦૧૬ના રોજનું તેમનું પાકું સરવૈયું નીચે મુજબ હતું

પાકું સરવૈયું

| જવાબદારીઓ | રૂ . | મિલકત - લેણાં | રૂ . |
|---|---|---|---|
| મૂડી ખાતાં : જૈત્ર 3,00,000 | | યંત્રો | ૧,૭૦,૦૦૦ |
| મૈત્ર ૨,૨૦,૦૦૦ | ૫,૨૦,૦૦૦ | ફર્નિચર | ૧,૫૦,૦૦૦ |
| સામાન્ય અનામત | ૮૦,૦૦૦ | રોકાણો ( બજાર કિંમત ) | ૧,૨૦,૦૦૦ |
| પ્રોવિડન્ટ ફંડ | ૮૦,૦૦૦ | સ્ટૉક | ૨,૪૦,૦૦૦ |
| વેપારીઓ | ૧,૮૦,૦૦૦ | ગ્રાહકો ૧,૬૫,૦૦૦ | |
| કારીગર અકસ્માત વળતર ફંડ | ૪૦ ,૦૦૦ | બાદ : ઘાલખાધ ૫,૦૦૦ | ૧,૬૦,૦૦૦ |
| | | HDFC બૅન્કનું ખાતું | ૪૦,૦૦૦ |
| | | જાહેરાત ઉપલક ખાતું | ૨૦,૦૦૦ |
| | ૯,૦૦,૦૦૦ | | ૯,૦૦,૦૦૦ |

તા . ૧-૪-૨૦૧૬ના રોજ પેઢીનું જૈનમ લિમિટેડમાં નીચેની શરતોએ રૂપાંતર કરવામાં આવ્યું.
( ૧ ) કંપની ફર્નિચર અને બૅન્ક સિલક સિવાયની તમામ મિલકતો લઈ લેશે .
( ૨ ) પેઢીના ચોપડે યંત્રો બજાર કિંમત કરતાં ૧૫ % ઓછી કિંમતે અને સ્ટૉક બજાર કિંમત કરી ૨૦ % વધુ છે .
( ૩ ) દેવાદારો પર ૧૦ % લેખે ડૂબત નિધિ રાખવી .
( ૪ ) કંપની પાઘડી પેટે રૂ . ૧,૦૦,૦૦૦ આપશે .
( ૫ ) ખરીદ કિંમત પેટે કંપની રૂ . ૨,૮૦,૦૦૦ રોકડા અને બાકીના ઇક્વિટી શૅર દરેક રૂ . ૧૦ ના એક એવા ૧૦ % પ્રીમિયમે આપશે .
( ૬ ) ફર્નિચરના રૂ . ૧,૧૬,૦૦૦ ઊપજ્યા અને વિસર્જન ખર્ચના રૂ . ૧૧,૦૦૦ કંપનીએ ચૂક્વ્યા.

( ૭ ) કંપની પાસેથી મળેલા શૅર પૈકી ૧૪,૦૦૦ શૅર રૂ . ૧૨ ના ભાવે વેચી દેવામાં આવ્યા બાકીના શૅર ભાગીદારોએ તેમના નફા - નુકસાનના પ્રમાણમાં વહેંચી લીધા . ઉપરોક્ત માહિતી પરથી ભાગીદારી પેઢીના ચોપડે તૈયાર કરો : ( ૧ ) માલ મિલકત નિકાલ ખાતું ( ૨ ) ભાગીદારોનાં મૂડી ખાતાં ( ૩ ) રોકડ ખાતું .

Que:10 R , P , D અનુક્રમે ૩ : ૧ : ૧ ના પ્રમાણમાં નફો - નુકસાન વહેંચતા ભાગીદારો છે . તેમન તા . ૩૧-૩-૨૦૧૨ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છે:

પાકું સરવૈયું

| જવાબદારીઓ | રૂ . | મિલકત - લેણાં | રૂ . |
|---|---|---|---|
| મૂડી ખાતાં : R ૨,૮૮,૭૫૦ | | પાઘડી | ૭૭,૦૦૦ |
| P ૨,૩૧,૦૦૦ | | જમીન મકાનો | ૩,૨૭ ,૨૫૦ |
| D ૧,૯૨,૫૦૦ | ૭,૧૨,૨૫૦ | યંત્રો | ૩,૪૬,૫૦૦ |
| ૧૨% ની વિજયની લોન | ૨,૫૦,૨૫૦ | રોકડ સિલક | ૧૫,૪૦૦ |
| બૅન્ક ઓવરડ્રાફ્ટ | ૯૬,૨૫૦ | લેણી હૂંડી | ૧,૭૩,૨૫૦ |
| લેણદારો | ૧,૬૯,૪૦૦ | રોકાણો | ૧,૩૪,૭૫૦ |
| દેવી હૂંડી | ૧,૧૩,૫૨૦ | સ્ટૉક | ૨,૧૧,૭૫૦ |
| સામાન્ય અનામત | ૧,૭૫,૨૩૦ | દેવાદારો ૨,૫૦,૨૫૦ | |
| | | – ઘા. અનામત ૧૯,૨૫૦ | ૨,૩૧,૦૦૦ |
| | **૧૫,૧૬,૯૦૦** | | **૧૫,૧૬,૯૦૦** |

ભાગીદારી પેઢીનું જનમ લિ . કંપનીમાં રૂપાંતર કરવામાં આવ્યું , જેની શરતો નીચે મુજબ હતી
( ૧ ) પાઘડીની કિંમત છેલ્લા ત્રણ વર્ષના સરેરાશ નફાથી બમણી આંકવામાં આવી . છેલ્લાં વર્ષનો નફો અનુક્રમે રૂ . ૧,૧૫,૫૦૦ , રૂ . ૧,૭૩,૨૬૦ અને રૂ . ૧,૦૫,૫૦૦ હતો.
( ૨ ) કંપનીએ ( રોકડ અને સ્ટૉક સિવાયની ) તમામ મિલકતો નીચે દર્શાવેલ કિંમતે લઈ લીધી
રૂ . જમીન - મકાન ૪,૨૩,૫૦૦ ,યંત્રો ૩,૨૭,૨૫૦ ,રોકાણો ૧,૬૧,૭૦૦
દેવાદારો પર રૂ . ૨૫,૦૮૦ ઘાલખાધ અનામતની જોગવાઈ કરવી . અન્ય મિલકતો ચોપડે દર્શાવેલ કિંમતે લઈ લીધી .
( ૪ ) ૧૨ % ની વિજયની લોન સિવાયનાં તમામ દેવાં કંપનીએ લઈ લીધાં . વિજયે તેની લોન પેટે સ્ટૉક અને રૂ .૧૫,૪૦૦ રોકડા સ્વીકાર્યા .
( ૫ ) કંપનીએ ખરીદ કિંમત પેટે રૂ . ૧૦ નો એક એવા ૭૨,૦૦૦ ઇક્વિટી શૅર દરેક રૂ . ૧૨ ભાવે આપ્યા અને બાકીની રકમ રોકડમાં ચૂકવી . ભાગીદારોએ કંપનીના શૅર તેમના નફા નુકસાનના પ્રમાણમાં વહેંચી લીધા . ભાગીદારી પેઢીના ચોપડે જરૂરી ખાતાં તૈયાર કરો .

Que:11 **રાગિણી અને ધારિણી ૩ : ૨ ના પ્રમાણમાં નફો - નુકસાન વહેંચતા એક પેઢીનાં ભાગીદારો છે . તા . ૩૧-૩-૨૦૧૭ના રોજ તેમની પેઢીનું પાકું સરવૈયું નીચે મુજબ હતું :**

પાકું સરવૈયું

| જવાબદારીઓ | રૂ . | મિલકત - લેણાં | રૂ . |
|---|---|---|---|
| મૂડી ખાતાં : રાગિણી ૪,૨૦,૦૦૦ | | મકાનો | ૨,૮૦,૦૦૦ |
| ધારિણી ૨,૮૦,૦૦૦ | ૭,૦૦,૦૦૦ | જમીન (બજાર કિંમતના 50%) | ૧,૩૩,૨૦૦ |
| નફાનુકસાન ખાતું | ૬૦,૦૦૦ | મશીનરી | ૩,૩૩,૦૦૦ |
| કારીગર અકસ્માત વળતર ફંડ | ૮૦,૦૦૦ | સ્ટૉક | ૧,૩૨,૦૦૦ |
| લેણદારો | ૧,૩૦,૦૦૦ | દેવાદારો | ૯૮,૦૦૦ |
| ચૂકવવાનો બાકી ખર્ચ | ૧૫,૦૦૦ | રોકડ | ૫૫,૮૦૦ |
| પ્રોવિડન્ટ ફંડ | ૪૭,૦૦૦ | | |
| | | | |
| | | | |
| | ૧૦,૩૨,૦૦૦ | | ૧૦,૩૨,૦૦૦ |

નીચેની શરતોએ પેઢીનું વારિણી લિમિટેડમાં રૂપાંતર કરવામાં આવ્યું:

( ૧ ) કંપની રોકડ અને દેવાદારો સિવાયની તમામ મિલકતો નીચેની કિંમતોએ લઈ લેશે :

( અ ) પાઘડીની કિંમત રૂ . ૪૮,000 નક્કી થઈ.

( બ ) સ્ટોક પૈકી ૧/૧૧ ભાગના સ્ટોકની કિંમત શૂન્ય છે , જયારે બાકીના સ્ટોકની કિંમત ૧૦ % વધુ આંકવામાં આવી.

( ક ) મશીનરી ૨૦ % ઘસારાને આધીન છે.

( ડ ) મકાનની કિંમત રૂ . ૨,૫૦,000 સુધી ઘટાડો.

( ઇ ) કંપની જમીન બજાર કિંમતે લઈ લેશે.

( ફ ) કામદાર અકસ્માત વળતરનો એક દાવો પેઢીએ સ્વીકાર્યો અને રૂ. ૨૦,000 માં ચૂકવ્યો.

( ગ ) દેવાદારોનાં રૂ . ૯૩,૮00 ઉપજ્યા .

( ચ ) વિસર્જન ખર્ચ રૂ . ૩,૪00 થયો .

( ૨ ) કંપની ખરીદ કિંમત પેટે રૂ . ૧૦ નો એક એવા ૬0,000 ઇક્વિટી શેર ૧૦ % પ્રીમિયમે અને બાકીની રકમ રોકડમાં ચૂકવશે . લેણદારોએ તેમનાં લેણાં પેટે ૯૦ % રકમ ચૂકતેના હિસાબે સ્વીકારી , જે પેટે તેઓ કંપનીનાં ૧૧ % નાં ડિબેન્ચર્સ દરેક રૂ . ૧૦૦ નો પૂરા ભરાયેલા મેળવશે .

તૈયાર કરો :

( ૧ ) માલમિલકત નિકાલ ખાતું
( ૨ ) ભાગીદારોનાં મૂડી ખાતાં
( ૩ ) રોકડ ખાતું .

Q12)VNSGU2023

ભાવના, મનીષા અને હીરલની પેઢીનું કેજેવી લિ.નાં રૂપાંતર કરવાનું નક્કી કર્યું. પેઢીની મિલકતો રૂ. ૧૪,૯૦,૦૦૦ અને દેવાં ૫,૫૦,૦૦૦માં લઈ લેવાના છે. કંપની પાઘડી પેટે રૂ. ૧,૧૦,૦૦૦ આપે છે. ખરીદકિંમત પેટે કંપનીએ રૂ. ૧૦નો એક એવા ૯૦,૦૦૦ ઈ. શેર. ૧૫% પ્રિમીયમથી અને બાકીની રોકડ ચૂકવશે. ખરીદકિંમતની ચૂકવણી અંગે પેઢીનાં ચોપડે આમનોંધ લખો.

Q13)NOV-2024

(1) નીચેની વિગતો માટે ભાગીદારી પેઢીના ચોપડામાં આમનોંધ લખો:

(i). જો ખરીદનાર કંપની વેચનાર પેઢીની અમુક મિલકતો ન લે તો,

(ii) જો કોઈ ભાગીદાર નક્કી કરેલ કિંમતે મિલકત લઈ લે તો

Q14) NOV 2024

(2) એક ભાગીદારી પેઢીને કંપની પાસેથી 2,00,000 ઇ.શેર, શેરદીઠ રૂ. 10 નો એક એવા ખરીદ કિંમત પેટે મળ્યા છે. પેઢી આ શેર પૈકી 1/4 ભાગના શેર 10 ટકા વટાવે વેચે છે. પેઢીના ચોપડે શેર વેચવા અંગે આમનોંધ લખો.

Q15) VNSGUNOV-2024

(5) નીચેની વિગતો પરથી ભાગીદારી પેઢીનાં ચોપડામાં ચોખ્ખી મિલકતો શોધો.

| વિગત | રૂ. |
|---|---|
| સ્થિર મિલકતો | 3,00,000 |
| લેણદારો | 75,000 |
| સ્ટોક | 31,500 |
| દેવાદારો | 40,000 |
| ઘસારા ફંડ (યંત્રો) | 30,000 |

સ્થિર મિલકતો બજાર કિંમતે લઈ લીધી. પાકા સરવૈયામાં સ્થિર મિલકતોની ચોપડે
કિંમત બજાર કિંમત કરતાં 20% ઓછી દર્શાવવામાં આવે છે. જ્યારે સ્ટોકની કિંમત
ચોપડા કિંમત કરતાં 10% ઓછી છે.

Q17) NOV-2024

વિરાટ, રોહિત,હાર્દિક અનુક્રમે 3:1:1 ના પ્રમાણમાં નફો-નુકશાન વહેચતાં ભાગીદારો છે. તેમનું
તારીખ 31-03-2024 નાં રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છે.

| જવાબદારીઓ | ₹ | મિલકતો | ₹ |
|---|---|---|---|
| વિરાટ 4,50,000 | | પાઘડી | 80,000 |
| રોહિત 1,50,000 | | જમીન-મકાન | 4,00,000 |
| હાર્દિક 1,50,000 | 7,50,000 | યંત્રો | 3,50,000 |
| સામાન્ય અનામત | 1,80,000 | રોકડ સિલક | 16,000 |
| લેણદારો | 1,70,000 | લેણી હૂંડી | 2,58,000 |
| 12% મહેશની લોન | 2,50,000 | સ્ટોક | 2,00,000 |
| દેવી હૂંડી | 1,20,000 | દેવાદારો | |
| | | 1,82,000 | |
| | | -ઘાલખાધ અનામત | 1,66,000 |
| | | 16,000 | |
| | 14,70,000 | | 14,70,000 |

તા. 1-04-2024નાં રોજ પેઢીનું કુંજ લિ. માં નીચેની શરતોએ રૂપાંતર કરવામાં આવ્યું.

(1) કંપનીએ ( રોકડઅને સ્ટોક સિવાયની ) તમામ મિલકતો નીચે દર્શાવેલ કિંમતે લઈ લીધા.
જમીન મકાન રૂ. 4, 20,000, યંત્રો રૂ. 3,30,000
દેવાદારો પર 32,000 ઘાલખાધ અનામતની જોગવાઈ કરવી.

(2) પાઘડી ની કિંમત છેલ્લા ત્રણ વર્ષનાં સરેરાશ નફાથી બમણી આંકવામાં આવી. છેલ્લા ત્રણ વર્ષનો નફો અનુક્રમે રૂ. 1, 15,000, રૂ. 1, 75,500, અને રૂ.1, 05,500 હતો.

(3) 12% મહેશની લોન સિવાયના તમામ દેવાં કંપનીએ લઈ લીધાં. મહેશની લોન પેટે સ્ટોક અને રૂ. 15,000 રોકડા સ્વીકાર્યા.

(4) કંપનીએ ખરીદ કિંમત પેટે રૂ.10 નો એક એવા 72,000 ઈક્વિટી શેર દરેક રૂ.10 ના ભાવે આપ્યા અને બાકીની રકમ રોકડમાં ચુકવી. ભાગીદારોએ કંપનીનાં શેર તેમનાં નફા-નુકશાનનાં પ્રમાણમાં વહેંચી લીધાં.

પેઢીના ચોપડામાં તૈયાર કરો.

1.માલમિલકત નિકાલ ખાતું

2.ભાગીદારોના મૂડીખાતા

3.રોકડ ખાતુ

Q18) VNSGU 2023

દિપ્તી, સ્વીટી અને તેજલ એક પેઢીનાં ભાગીદારો હતા. તેમની વચ્ચે નફાનુકસાનની વહેંચણીનું પ્રમાણ $\frac{1}{2} : \frac{1}{3} : \frac{1}{6}$ હતું. તા. ૩૧/૩/૨૨ના રોજ તેમણે પોતાનો ધંધો સોહમ લિ.ને વેચવાનું નક્કી કર્યું, તે તારીખે તેમનું પાકું સરવૈયું નીચે મુજબની પરિસ્થિતિ દર્શાવતું હતું.

**પાકું સરવૈયું**

| મૂડી દેવાં | | રકમ | મિલકત-લેણાં | રકમ |
|---|---|---|---|---|
| **મૂડી :** | | | પાઘડી | ૫૦,૦૦૦ |
| દિપ્તી | ૧,૬૬૦૦૦ | | જમીન-મકાન | ૫,૦૦,૦૦૦ |
| સ્વીટી | ૧,૭૭૦૦૦ | | યંત્રો | ૧,૩૬,૦૦૦ |
| તેજલ | ૧,૮૮,૦૦૦ | ૫,૩૧,૦૦૦ | દેવાદારો | ૮૭,૦૦૦ |
| બેંક લોન | | ૧,૧૯,૦૦૦ | સ્ટોક | ૯૭,૦૦૦ |
| લેણદારો | | ૧,૮૦,૦૦૦ | રોકડ | ૨૦,૦૦૦ |
| દેવીહૂંડી | | ૬૦,૦૦૦ | | |
| | | ૮,૯૦,૦૦૦ | | ૮,૯૦,૦૦૦ |

કંપનીએ રોકડ સિવાયની તમામ દશ્ય અન અદશ્ય મિલકતો ૨૦% વધુ કિંમતે લઈ લીધી અને બેંકલોન ચૂકવવાનું કબૂલ્યું. દિપ્તીએ લેણદારો ચૂકવવાનું કબૂલ્યું. સ્વીટીએ રૂ. ૪૦૦૦ વિસર્જન ખર્ચ ચૂકવવાનું કબૂલ્યું. તેજલે આકસ્મિક ખર્ચ રૂ. ૨૦,૦૦૦ ચૂકવવાનું કબૂલ્યું. ખરીદકિંમત પેટે રૂ. ૧૦નો એક એવા ૬૦,૦૦૦ ઈક્વિટી શેર રૂ. ૫ના પ્રિમીયમે અને બાકીની રોકડ રકમ આપવાનું કબૂલ્યું. ભાગીદારોએ નવી કંપનીના શેર નફાનુકસાનના પ્રમાણમાં વહેંચી લીધા.

પેઢીના ચોપડે જરૂરી ખાતા તૈયાર કરો.

UDHNA COLLEGE